પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૪ | ૫ સપ્ટેમ્બર, ૨૦૨૨, સોમવાર; ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉદ્યોગપતિ સાયરસ મિસ્ત્રીનું માર્ગ અકસ્માતમાં નિધન

## સાયરસ મિસ્ત્રી આઈરીશ ઈન્ડિયન ઉદ્યોગપતિ હતા અને તેઓ તાતા ગ્રુપમાં ચેરમેન પદે પણ કામ કરી ચુક્યા છે



પાલઘર, તા.૪

જાણિતા ઉદ્યોગપતિ અને બિઝનેસમેન સાયરસ મિસ્ત્રીનું અકસ્માતમાં નિધન થયું છે. પાલઘર જિલ્લા અધિક્ષકે સાયરસ મિસ્ત્રીના મૃત્યુની પુષ્ટિ કરતાં આ માહિતી આપી છે. દુર્ઘટના બાદ સાઈરસ મિસ્ત્રીને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા. એક પોલીસ અધિકારીએ કહ્યું કે ટાટા સન્સના પૂર્વ અધ્યક્ષ સાઈરસ મિસ્ત્રીનું રવિવારે રોડ અકસ્માતમાં મોત નિપજ્યું છે, જ્યારે તેમની કાર મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં એક ડિવાઈડર સાથે ટકરાઈ હતી. તેમણે જણાવ્યું હતું કે આ અકસ્માત લગભગ ૩.૧૫ વાગે સર્જાયો હતો જ્યારે સાઈરસ મિસ્ત્રી કારમાં અમદાવાદથી મુંબઈ જઈ રહ્યા હતા. ઘટના સૂર્યા નદી પર બનેલા પુલ પર સર્જાઈ છે. કાર ચાલક સહિત તેમની સાથે યાત્રા કરી રહેલા અન્ય બે લોકોને ઈજા પહોંચી છે. તમામ ઈજાગ્રતોને ગુજરાતની હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે.સાયરસ મિસ્ત્રી આઈરીશ ઈન્ડિયન ઉદ્યોગપતિ હતા. સાયરસ મિસ્ત્રી તાતા ગ્રુપમાં ચેરમેન પદે પણ કામ કરી ચુક્યા છે. મુંબઈ - અમદાવાદ હાઈવે પર આવેલા પાલઘર નજીક સર્જાયેલા અકસ્માતમાં સાયરસ મિસ્ત્રીનું નિધન થયું છે.

સાયરસ મિસ્ત્રીએ તેમનો પ્રારંભિક અભ્યાસ મુંબઈની કેથેડ્રલ અને એન્ડ જોન કોનન સ્કૂલમાંથી કર્યો હતો. તે પછી તે સિવિલ એન્જિનિયરિંગ માટે લંડન ગયા. લંડન બિઝનેસ સ્કૂલમાંથી મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી કરી. તેમની પાસે પિતાની જેમ આયરિશ નાગરિકત્વ છે. સાયરસ મિસ્ત્રીએ ૧૯૯૧માં તેમના પિતાના કારોબાર શાપૂરજી પેલોનજી ગ્રુપમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. સાયરસ માત્ર ૩ વર્ષમાં જ ૧૯૯૪માં શાપૂરજી પલોનજી ગ્રુપના ડાયરેકર બન્યા હતા. તેમણે પિતાની જેમ ભારતમાં અનેક મોટા રેકોર્ડ બનાવ્યા., જેમાં સૌથી ઊંચા રહેણાંક ટાવર, સૌથી લાંબા રેલવે પુલનું નિર્માણ અને સૌથી મોટા બંદરનું નિર્માણ સામેલ છે. પલોનજી ગ્રુપનો કારોબાર કપડાથી લઈ રિયલ એસ્ટેટ, હોસ્પિટાલિટી અને બિઝનેસ ઓટોમેશન સુધી

અનુસંધાન પાન-૭ પર



# સાયરસ મિસ્ત્રીના અવસાનથી સમગ્ર દેશભરમાં શોકનું મોજું

## મહારાષ્ટ્રના ડીજીપીએ તપાસ માટે આપ્યો આદેશ : વડાપ્રધાન સહિત નેતાઓએ ટ્વીટ કરીને સંવેદના વ્યક્ત કરી

મુંબઈ, તા.૪

ઉદ્યોગપતિ સાયરસ મિસ્ત્રીનું નિધન થયું છે. તેમના આકસ્મિક મૃત્યુના સમાચારે સૌને ચોંકાવી દીધા છે. મળતી માહિતી મુજબ તેમનું મોત એક માર્ગ અકસ્માતમાં થયું છે. તેમની કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી જે બાદ તેમનું મોત થયું હતું. સાયરસ મિસ્ત્રી ટાટા ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન પણ રહી ચૂક્યા છે. મુંબઈને અડીને આવેલા પાલઘરમાં તેમની કારનો અકસ્માત થયો હતો. આ મામલે મહારાષ્ટ્રના ડીજીપીએ ટાટા સન્સના ભૂતપૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીના નિધનનું દુઃખ વ્યક્ત કર્યું છે અને વિગતવાર તપાસ માટે આદેશ આપ્યો છે.

તેમના નિધનના સમાચારથી દરેક લોકો આઘાતમાં છે. સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. વડાપ્રધાન મોદી સહિત અનેક નેતાઓએ ટ્વીટ કરી સંવેદના વ્યક્ત કરી હતી. કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા સુલેએ ટ્વીટ કરીને કહ્યું

અનુસંધાન પાન-૭ પર

# તિરુપતિ મંદિરને ૫૦ લાખ વળતર ચૂકવવાનો આદેશ

## ભક્તને ૧૪ વર્ષ સુધી જોવડાવી રાહ : પ્રથમ વખત કોઈ ભક્તે સેવામાં ખામી બદલ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ સામે કન્ઝ્યૂમર કોર્ટમાં ફરિયાદ કરી

તિરુપતિ, તા.૪

તમિલનાડુના સેલમમાં આવેલી કન્ઝ્યૂમર કોર્ટે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટ્ટ)ને ૫૦ લાખ રૂપિયાનો દંડ ભરવાનો ભરવાનો આદેશ કર્યો છે. કોર્ટના આદેશ પ્રમાણે, ભક્તને ૧૪ વર્ષ સુધી રાહ જોવડાવવા બદલ કાં તો તેમને વસ્ત્રાલંકાર સેવા માટે નવી તારીખ આપો અથવા એક વર્ષમાં ૫૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવો. કોઈ ભક્તે ટીટીડી સામે કન્ઝ્યૂમર કોર્ટમાં કેસ કર્યો હોય તેવો આ પહેલો કિસ્સો છે.



કોરોના મહામારીના કારણે માર્ચ ૨૦૨૦માં ૮૦ દિવસ માટે મંદિર બંધ રાખવામાં આવ્યું હતું. જેથી મંદિરમાં થતી વસ્ત્રાલંકાર સહિતની બધી જ અર્જિત સેવાઓ રોકી દેવાઈ હતી. એ વખતે ટીટીડીએ ભક્ત કેઆર હરિ ભાસ્કરને પત્ર લખીને પૂછ્યું હતું કે, તેમને દૈનિક વીઆઈપી બ્રેક દર્શન માટે કોઈ નવો સ્લોટ જોઈએ છે કે રિફંડ. ત્યારે ભક્ત ભાસ્કરે વસ્ત્રાલંકાર સેવા માટેની નવી તારીખ આપવાની વિનંતી કરી હતી. તેમણે કહ્યું હતું કે, એક વર્ષ પછીની કોઈપણ તારીખ પણ ચાલશે. જોકે, ટીટીડીએ સ્પષ્ટ કર્યું કે, આ સેવા માટે નવી તારીખ નહીં મળી શકે એટલે તેઓ રિફંડ જ લઈ લે. જે બાદ ભાસ્કરે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ટીટીડી સામે ફરિયાદ નોંધાવી હતી.

ગ્રાહક તકરાર નિવારણ કમિશને ટીટીડીને આદેશ કર્યો કે, તેઓ વસ્ત્રાલંકાર સેવા

અનુસંધાન પાન-૭ પર

# વિરાટ કોહલી જલદી ટી૨૦ ફોર્મેટને અલવિદા કહી શકે છે

## પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર શોએબ અખ્તરનું માનવું છે : અખ્તરે કોહલીને ટી૨૦ છોડવાની સલાહ આપી

દિલ્હી, તા.૪

રવિવારે પાકિસ્તાન વિરુદ્ધ રમાનાર મુકાબલા પહેલા વિરાટ કોહલી એકવાર ફરી ચર્ચામાં છે. એશિયા કપ સુધી વિરાટ કોહલી ખરાબ ફોર્મને કારણે નિશાના પર હતો. પરંતુ એશિયા કપમાં વિરાટ કોહલીએ ૩૫ અને ૫૯ રનની અણનમ ઈનિંગ રમીને ફોર્મમાં વાપસી કરવાનો સંકેત આપ્યો છે. પાકિસ્તાનના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર શોએબ અખ્તરનું માનવું છે કે વિરાટ કોહલી જલદી ટી૨૦ ફોર્મેટને અલવિદા કહી શકે છે.

શોએબ અખ્તરનું કહેવું છે કે જો વિરાટ કોહલીની નજર સચિન તેંડુલકરની ૧૦૦ સદીના રેકોર્ડ તોડવા પર છે તો તે ટી૨૦ ફોર્મેટથી દૂર થઈ શકે છે. શોએબ અખ્તરે કહ્યુ- વિરાટ કોહલી બોલને મિડલમાં યોગ્ય રીતે રમી શકતો નથી. બંને ઈનિંગમાં થોડી ગડબડ રહી. વિરાટ કોહલીએ ૫૯ રન બનાવ્યા અને હું તેને બેસ્ટ ઓફ લક કહુ છું. શોએબ અખ્તરે આગળ કહ્યું- વિરાટ કોહલીને મારી તે સલાહ છે કે તે ટી૨૦ વિશ્વકર સુધી જોઈ લે કે આ ફોર્મેટ તેના પ્રમાણે છે કે નહીં. ૩૦ સદી હજુ આગળ ફટકારવાની છે. નોંધનીય છે કે વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૭૦ સદી ફટકારી છે. પરંતુ નવેમ્બર ૨૦૧૯ બાદથી વિરાટ કોહલી આંતરરાષ્ટ્રીય

અનુસંધાન પાન-૭ પર

# અમારા લોહીથી બની હતી પાર્ટી કમ્પ્યૂટરથી નહીં : ગુલામ નબી આઝાદ

## સૈનિક કોલોનીમાં જનસભાને સંબોધન : કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા

શ્રીનગર, તા.૪

કોંગ્રેસ છોડ્યા બાદ ગુલામ નબી આઝાદે રવિવારે જમ્મુની સૈનિક કોલોનીમાં પોતાની પ્રથમ રેલી કરી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર નિશાન સાધ્યું અને તે નેતાઓનો આભાર માન્યો, જેમણે તેનો સાથ આપ્યો છે. આ સાથે આઝાદે આજથી પોતાની નવી રાજકીય યાત્રા શરૂ કરી છે. ગુલામ નબી આઝાદે પોતાના સંબોધન દરમિયાન નવી પાર્ટી બનાવવાનો સંકેત પણ આપી દીધો છે. ગુલામ નબી આઝાદે જનસભામાં કોંગ્રેસના હલ્લા બોલ કાર્યક્રમ પર પણ નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે લોકો હવે બસોમાં જેલ જાય છે, તે ડીજીપી, કમિશ્નરોને બોલાવે છે, પોતાનું નામ લખાવે છે અને એક કલાકની અંદર ચાલ્યા જાય છે. આ કારણ છે કોંગ્રેસ વિકસિત થઈ શકી નથી.



ગુલામ નબીએ કહ્યુ કે તેમણે પાર્ટી માટે ૫૦ વર્ષ સુધી કામ કર્યું છે. તેમણે કહ્યું- આજે હું કંઈ નથી છતાં રાજ્યની જનતા પાસેથી આટલો પ્રેમ મળી રહ્યો છે. મારા કારણે ઘણા લોકોએ પાર્ટીમાંથી રાજીનામુ આપ્યું છે. તમારા બધાનો આભાર વ્યક્ત કરૂ છું, તમે મને આટલો પ્રેમ અને સમર્થન આપ્યું છે.

તેમણે પાર્ટી પર નિશાન સાધતા કહ્યુ, કોંગ્રેસ અમે બનાવી છે. અમારા લોહી પરસેવાથી બનાવી છે. તે કમ્પ્યૂટરથી બની નથી, ટ્વિટરથી બની નથી, મેસેજથી બની નથી. જે અમને બદનામ કરે છે તેની રીચ માત્ર ટ્વિટર પર, કમ્પ્યૂટર પર અને મેસેજ પર છે. અલ્લાહને દુઆ કરૂ છું કે અમને જમીન મળે અને તેને એટલે કોંગ્રેસને ટ્વીટ મળે.

૭૩ વર્ષના ગુલામ નબી આઝાદે ૨૬ ઓગસ્ટે પાર્ટીમાંથી રાજીનામુ આપ્યું હતું. તેમણે પોતાના રાજીનામા બાદ કહ્યું હતું

અનુસંધાન પાન-૭ પર

# કેનેડામાં જુદા જુદા સેક્ટરમાં હજારો લોકોની જરૂરિયાત

## ગયા અઠવાડિયે કેનેડા સરકારે જાહેરાત કરી હતી કે વિઝાની સમસ્યા ઉકેલવા માટે એક ટાસ્ક ફોર્સ રચાશે

ઓટાવા, તા.૪

કોવિડ અંકુશમાં આવ્યા પછી કેનેડામાં જુદા જુદા સેક્ટરમાં હજારો લોકોની જરૂર છે અને સરકારે મોટી સંખ્યામાં ઈમિગ્રન્ટ્સને પીઆર આપવાની વાત કરી છે, પરંતુ બીજી તરફ વિઝાની પ્રક્રિયામાં હજુ પણ વિલંબ ચાલે છે અને ખાસ કરીને વિદ્યાર્થીઓએ ભારે સહન કરવાનું આવે છે. ગયા અઠવાડિયે કેનેડા સરકારે જાહેરાત કરી હતી કે વિઝાની સમસ્યા ઉકેલવા માટે એક ટાસ્ક ફોર્સ રચવામાં આવશે જે ઈમિગ્રેશનની કામગીરી ઝડપી બનાવશે. હજારો ભારતીય વિદ્યાર્થીઓએ આ નિર્ણયનું સ્વાગત કર્યું હતું જેઓ સપ્ટેમ્બરની શરૂઆતમાં જ કોલેજો અને યુનિવર્સિટીઓમાં જોડાવા માટે વિઝાની રાહ જોતા હતા. પરંતુ આ પ્રમાણે કામ થયું નથી. કેનેડા સરકારે વિઝાની અરજીઓનો બેકલોક દૂર કરવા માટે ૧૨૫૦ કર્મચારીઓ હાયર કરવાની વાત પણ કરી છે. ભારતના ઘણા સ્ટુડન્ટ વિઝાની રાહ જુએ છે અને નિયમો અને ઓનલાઈન સ્ટાર્ટમાં અમુક રાહત મળશે તેવી ઈઝઝ પાસેથી અપેક્ષા રાખે છે. ભારતીય વિદ્યાર્થીઓમાં હાયર એજ્યુકેશન માટે કેનેડાનું આકર્ષણ સતત વધતું જાય છે. આઈઆરસીસીના આંકડા પ્રમાણે ૨૦૨૦માં ભારતમાં

અનુસંધાન પાન-૭ પર

# ભાજપ સત્તા પર આવ્યો ત્યારથી નફરત અને ગુસ્સો વધ્યો છે : રાહુલ

## EDએ ૫૫ કલાક મને બેસાડી રાખ્યો પણ હું ડરવાનો નથી ભલે મને પાંચ વર્ષ બેસાડી રાખે : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૪

દિલ્હીના રામલીલા મેદાનમાં કોંગ્રેસે મોંઘવારી સામે હલ્લાબોલ કર્યું, જેમાં રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી સરકાર પર નિશાન તાકીને કહ્યું કે વિપક્ષનો અવાજ દબાવવાની કોશિશ થઈ રહી છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રવિવારે કહ્યું કે અમને સંસદમાં બોલવા દેવામાં આવતા નથી. દેશમાં માત્ર બે ઉદ્યોગપતિઓનો કબજો છે. આજે દેશ બે ભાગમાં વહેંચાઈ ગયા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે મીડિયાથી લઈને અન્ય સંસ્થાઓ પર સરકારની દખલ વધી રહી છે. તેમણે એ પણ જણાવ્યું કે ભારત જોડો આંદોલનની શા માટે જરુર પડી. રાહુલ ગાંધીએ કહ્યું કે દેશની હાલત બધા જોઈ રહ્યા છે. જ્યારથી ભાજપની સરકાર આવી છે ત્યારથી દેશમાં નફરત અને ક્રોધ વધી રહ્યો છે. નફરત કોને થાય છે. નફરત ડરનું જ એક સ્વરૂપ છે. આજે મોંઘવારી, બેરોજગારીનો ડર વધી રહ્યો છે. ભાજપ અને આરએસએસના નેતા દેશને વહેંચી રહ્યા છે અને જાણી જોઈને ભય ઉભો કરી રહ્યા છે. તેઓ કોના માટે અને શા માટે કરે છે. આ નફરતથી કોને ફાયદો મળે છે? શું આ ડરનો ફાયદો સામાન્ય જનતાને થઈ રહ્યો છે? રાહુલ ગાંધીએ પાછલા ૮ વર્ષમાં બે ઉદ્યોગપતિ ફાયદો ઉઠાવી રહ્યા છે. બીજા ઉદ્યોગપતિઓને પણ પૂછી લો. નોટબંધીમાં શું થયું તે બધાએ જોયું છે. ખેડૂતોનો કાયદો કોના માટે હતો, ભારતના ખેડૂતો રસ્તા પર આવી ગયા હતા અને તેમણે પોતાની તાકાત બતાવી હતી. ખેડૂતોની તાકાત જોઈને વડાપ્રધાન મોદીએ કાયદો પરત લેવો પડ્યો હતો. ભાજપે હિન્દુસ્તાનની હાલત આવી કરી દીધી છે. આજે જેઓ બેરોજગાર દેખાય છે તેઓની સંખ્યા આવનારા સમયમાં વધશે.

રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પછે

અનુસંધાન પાન-૭ પર

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૮૦૯ નવા કેસ

નવી દિલ્હી, તા.૪

દેશમાં કોરોનાના નવા કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬ હજાર ૮૦૯ નવા કેસ નોંધાયા છે અને ૨૬ દર્દીના મોત થયા છે, જ્યારે ૮૪૧૪ સંક્રમિતો સાજા થયા છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૧૨ ટકા છે.હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૫૫ હજાર ૧૧૪ થઈ છે. કુલ ૪ કરોડ ૩૮ લાખ ૭૩ હજાર ૪૩૦ લોકો કોરોના મુક્ત થયા છે. મૃત્યુના કુલ આંકડા પર નજર કરીએ તો આ આંકડો ૫ લાખ ૨૭ હજાર ૯૯૧ પર પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૨૧૩ કરોડ ૨૦ લાખ ૪૩ હજાર ૫૦ રસીના ડોઝ આપવામાં આવ્યાછે. જેમાંથી ગઈકાલે ૧૯ લાખ ૩૫ હજાર ૮૧૪ ડોઝ અપાયા હતા. સપ્ટેમ્બરમાં નોંધાયેલા કેસ આ મુજબ છે. ૩ સપ્ટેમ્બરે ૭૨૧૯ નવા કેસ નોંધાયા હતા. ૨ સપ્ટેમ્બરે ૬૧૬૮ નવા કોરોના કેસ નોંધાયા. ૧ સપ્ટેમ્બરે ૭૯૪૬ નવા કેસ નોંધાયા હતા.

# ગુજરાતમાં ડ્રગ્સના તાર અફઘાનિસ્તાન સાથે જોડાયા

## ૪ કિલો હેરોઇન સાથે દિલ્હીમાં યુવક પકડાયો : વાદિઉલ્લા રહિમુલ્લા નામના અફઘાની ઈસમની હેરોઇન સાથે દિલ્હીના વસંતકુંજ વિસ્તારમાંથી ધરપકડ

અમદાવાદ, તા.૪

ડ્રગ્સ મામલે ગુજરાત એટીએસે વધુ એક ઓપરેશન પાર પાડ્યું છે. ગુજરાત એટીએસ દ્વારા બાતમીના આધારે દિલ્હીથી અફઘાની ઈસમની રૂપિયા ૨૦ કરોડના ડ્રગ્સ સાથે ધરપકડ કરાઈ છે. ગુજરાત એટીએસને સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આપવામાં આવેલ બાતમીના આધારે વાદિઉલ્લા રહિમુલ્લા નામના અફઘાની ઈસમની ૪ કિલો હેરોઈન સાથે દિલ્હીના વસંતકુંજ વિસ્તારથી ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસ દ્વારા ડ્રગ્સના કિસ્સામાં વધુ એક સફળતા મેળવી ગુજરાત બહારથી પણ ડ્રગ્સના કારોબારીઓને ઝડપી પાડયા છે અને ૨૦ કરોડથી વધુ રકમનો માલ પણ જપ્ત કરાયો છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા શનિવારે ૩ સપ્ટેમ્બરના રોજ દિલ્હી પોલીસે બે કરોડનું હેરોઈન જપ્ત કર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે દિલ્હીના ટ્રાન્સ યમુનાના રહેવાસી બે ડ્રગ્સ તસ્કરોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ઉચ્ચ ગુણવત્તાવાળું ૧.૩ કિલો હેરોઈન પણ જપ્ત કરાયું છે. પોલીસના જણાવ્યા અનુસાર આ હેરોઈન દિલ્હી-એનસીઆરમાં પહોંચાડવાનું હતું. મનીષ અને ટિંકુ નામના બે યુવકોની ડ્રગ્સ તસ્કર તરીકે ઓળખ થઈ છે.

ડ્રગ્સ મામલે ગુજરાતના તાર સીધા જ અફઘાનિસ્તાન સાથે જોડાઈ રહ્યાં છે. તાલિબાનમાં સત્તા પલટ થતા જ ડ્રગ્સનો વેપાર વધ્યો હોય તેવું લાગે છે. અફઘાનિસ્તાનથી કાર્ગો ભરીને ડ્રગ્સનો સપ્લાય થઈ રહ્યું છે. જેનુ નેટવર્ક અનેક દેશોમાં ફેલાયું છે. બીજી તરફ, ડ્રગ્સ માફિયાઓ માટે જાણે ગુજરાત હોટ ફેવરિટ સ્પોટ બન્યું હોય તેમ મેફેડ્રોન ડ્રગ્સ ઘુસાડવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં પકડાયેલ ડ્રગ્સના આંકડા ડ્રગ્સ માફિયાઓના નેટવર્કનો ઘટસ્ફોટ કરે છે. જેમાં અમદાવાદ ડ્રગ્સનું હબ બન્યું છે. અત્યાર સુધીમાં ચાલુ વર્ષમાં ૧૦૦ થી વધુ ડ્રગ્સ પેડલરો અમદાવાદ માંથી ઝડપાયા છે. ગુજરાતનું અમદાવાદ શહેર ડ્રગ્સના નેટવર્કનું હબ બની ગયું છે. ડ્રગ્સ માફિયાઓ પર અલગ અલગ એજન્સીઓ તવાઈ બોલાવીને ડ્રગ્સ પેડલરો અને ડ્રગ્સ ડીલર પકડી રેકોર્ડ બ્રેક ગુના નોંધ્યા છે. જોકે વર્ષ ૨૦૨૨માં ચાલુ વર્ષે કરેલા NDPSના કેસોના ચોકવાનારા આંકડાઓ સામે આવ્યા છે. જેમાંથી સ્ટ્ઠ ડ્રગ્સનો જથ્થો સૌથી વધુ ઝડપી લેવામાં આવ્યો છે. સાથે જ યુવાવર્ગમાં ચરસ, ગાંજો, કફ શિરપ અને એમ.ડી ડ્રગ્સ લેવાનું પ્રમાણ વધતા હવે આ બધા જ ડ્રગ્સની હેરાફેરી વધી રહી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ચાલુ વર્ષે ૨૪ કેસ નોંધી ૭૪ જેટલા આરોપી ધરપકડ કરી છે. જેમાં ડ્રગ્સ પેડલરો અને મદદગારી કરનારની ધરપકડ કરી છે. ત્યારે ક્રાઈમ એસ.ઓ.જી ટીમે પણ ૧૫ કેસ કરી ૩૫ જેટલા પેડલરો અને ડ્રગ્સ ડીલરની ધરપકડ કરીને જેલ હવાલે કર્યા છે. થોડા દિવસ પહેલા જ ક્રાઈમ એસ.ઓ.જી ટીમ ડ્રગ્સ ડીલર અમીનાબાનું પકડી ડ્રગ્સ હેરાફેરીના મોટા નેટવર્ક પર્દાફાશ કર્યો છે.